ઝારખંડના નવનિયુક્ત મુખ્યમંત્રી રઘુવર દાસને મુખ્યમંત્રીશ્રીની શુભેચ્છાઓ

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ઝારખંડમાં ભારતીય જનતા પાર્ટીના શાસનનું નેતૃત્વ સંભાળનારા નવનિયુક્ત મુખ્યમંત્રી રઘુવર દાસને સુશાસનની શુભકામનાઓ અને અભિનંદન પાઠવ્યા છે.

શ્રીમતી આનંદીબહેને શ્રી રઘુવર દાસના મુખ્યમંત્રી પદના કાર્યકાળમાં હવે ઝારખંડ પણ વિકાસ અને પ્રગતિ કરીને, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ માદીના એક ભારત-શ્રેષ્ઠ ભારતના સંકલ્પને સાકાર કરશે તેવી શુભેચ્છાઓ પણ પાઠવી છે.

ગાંધીનગર મેડીકલ એસોસીએશનને બે એવોર્ડ રાજયકક્ષાએ મળ્યા

ગાંધીનગર તા.૨૮

ગાંધીનગર મેડીકલ એસોસીએશનની ગુજરાત મેડીકલ એસોસીએશન તરફથી બે એવોર્ડ માટે પસંદગી થતાં તબીબી જગતમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર મેડીકલ એસોસીએશનના ૨૫૧ થી વધુ સભ્યો નોંધણી કરતાં મેમ્બરશીપ ડ્રાઈવ ટ્રોફી તેમજ ડૉ.વાય.ટી.પટેલ બેસ્ટ રૂરલ કોમ્યુનીટી સર્વિસ એવોર્ડ ૨૦૧૩-૧૪ ની ઉમદા કામગીરી માટે એનાયત કરવામાં આવેલ છે.

ગુજરાત મેડીકલ એસોસીએશનના મહામંત્રી ડૉ.જિતેન્દ્ર પટેલે ગાંધીનગર શાખાના મહામંત્રીને પત્ર લખી આ બંન્ને એવોર્ડની જાણકારી છે તેમજ અમદાવાદમાં ચાલી રહેલ ઈન્ડિયન મેડીકલ એસોસીએશનની કોન્ફરન્સ દરમ્યાન આ એવોર્ડ એનાયત કરાયા છે.

ગાંધીનગર મેડીકલ એસોસીએશનની ગયા વર્ષે પણ એવોર્ડ માટે પસંદગી થઈ હતી. આમ છેલ્લા બે વર્ષથી ગાંધીનગરની ટીમને રાજયકક્ષાએ મળી રહેલા એવોર્ડથી તબીબી જગતમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

અમદાવાદ ખાતે કોંગ્રેસ સ્થાપના દિવસની ઉજવણી

ધ્વજવંદન, વંદેમાતરમ્ સહિતના કાર્યક્રમ : રાજીવ ગાંધી ભવન ખાતે ઉજવણીમાં હાજર આગેવાનોને વાઘેલાનું સંબોધન

અમદાવાદ,તા. ૨૮

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ૧૩૦માં સ્થાપના દિનની ઉજવણી રાજીવ ગાંધી ભવન ખાતે કરવામાં આવેલ હતી. સ્થાપના દિન નિમિત્તે વિધાનસભા વિરોધપક્ષના શંકરસિંહજી વાઘેલાએ સૌ ઉપસ્થિત થયો હતો. ઉપસ્થિત કાર્યકર, આગેવાનોને સંબોધન કરતા વાઘેલાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસની સ્થાપનામાં એક અંગ્રેજ એઓ હ્યુમની પ્રેરણા અને પ્રદાન હતા, કોંગ્રેસની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ્ય તત્કાલિન બુદ્ધિજીવીઓને એકત્રિત કરી દેશને ગુલામીમાંથી મુક્ત કરી આઝાદી આપવામાં સંસ્થાકીય સ્વરુપ આપવાનું હતું. કોંગ્રેસ માટે અગાઉ પણ મવાળ-જહાલ જેવા વિવિધ જુથો હતા. આગેવાનો પણ વિવિધ મંતવ્યો ધરાવતા હોવા છતાં અંતિમ નિર્ણય તો ગાંધીજીનો જ રહેતો અને તે નિર્ણયને સૌએ માન્ય રાખવો પડતો. અંગ્રેજોની તોપ અને શસ્ત્રો સામે ગાંધીજીએ અહિંસા અને સત્યના શસ્ત્રો અને વિચાર-વિમર્શનો આશય લઈ સૌને સાથે રાખી દેશને સ્વાતંત્ર અપાવ્યું અને આઝાદી પછી પણ કોંગ્રેસ સંસ્થાને એક રાજકીય પક્ષનું સ્વરુપ આપ્યું તે પછી કોંગ્રેસ પક્ષે દેશમાં વિવિધ ક્ષેત્રે વિકાસ સાધ્યો. આજે ગુજરાતમાં મહોત્સવો અને વિવિધ પ્રકારની ઉજવણીઓ દ્વારા પ્રજાના નાણાનો ખોટો વ્યવ થઈ રહ્યો રહ્યો છે. ગુજરાતમાં અને દેશમાં પણ બેકારી, ગરીબી, અસ્વચ્છતા અસુમાર છે, ત્યારે પ્રજાના નાણાનો દુર્વ્યય કરી પ્રજાને ગુમરાહ કરી વિકાસના સાચા પળોથી વંચિતોને દૂર રાખવામાં આવેલ છે તે કમનસીબી છે.

શબ્દાવલી - ૫૬૦૧

૧	૨	૩		૪	■	૫	૬
૭			■	૮	૯		
૧૦			■	૧૧		■	
■		■	૧૨			૧૩	■
૧૪	■	૧૫			■	૧૬	
૧૭		■	૧૮		૧૯		■
	■	૨૦	■	૨૧		■	૨૨
૨૩				■	૨૪		

આડી ચાવી

૧. દિલોજાનથી પ્રિય, અતિપ્રિય (૫)
૫. કિંમત, ભાવ (૨)
૭. ચજાઇ (૩)
૮. 'હેવમોર' શબ્દ ઉંધો (૪)
૧૦. નાની છોકરીને પહેરવા... જોઇએ (૩)
૧૧. વનરાજ (૨)
૧૨. યુદ્ધ કે જંગ તંગ દીલીવાળુ (૪)
૧૫. નાનો હુકકો (૩)
૧૬. મિક્સરના બાઉલ (૨)
૧૭. વાયરો, વા (૨)
૧૮. અવધિ, સમય આપવો(૪)
૨૧. મેલજોલ, ... મેલ (૨)
૨૩. તીખા ગાંઠીયા (૪)
૨૪. ઉત્તરાયણના તહેવારમાં... ઉડાવાય (૩)

ઊભી ચાવી

૧. લાંબી ડોકવાળુ એક પ્રાણી (૩)
૨. હાથી, ઐરાવત (૪)
૩. જોલી, હળવા મુડવાળુ (૩)
૪. જુનાગઢના પ્રખ્યાત કૃષ્ણભણક્ત (૭)
૫. વારો (૨)
૬. કૃપા, અનુકંપા (૩)
૯. 'તુ ચીજ બડી હૈ મસ્ત' ગીત... ફિલ્મનું છે (૩)
૧૨. છાપાની ઊભી ઓળ, ખાનું (૩)
૧૩. હિંમત, શક્તિ (૩)
૧૪. સડો, સડવું તે (૪)
૧૯. બંધાણીને તેના સમયે... લાગે જ (૩)
૨૦. આરો, ઓવારો (૨)
૨૨. છેડો, અંત (૨)

શબ્દાવલી ૫૬૦૦ના જવાબ

આડી ચાવી :- (૧) આગમન (૪) રીબન (૭) ગજબ (૮) પાનખર (૯) તક (૧૦) કજીયાખોર (૧૫) સખાવત (૧૭) ભણતર (૧૮) ગાવ (૧૯) કરામત

ઊભી ચાવી :- (૧) આગળીયો (૨) ગજ (૩) મબલક (૪) રીમ (૫) જીવતર (૧૨) ખોરડુ (૧૩) વખાણ (૧૪) અદાવત (૧૫) સભર (૧૬) વતન (૧૮) ગામ

મેઘરજના જૂના બસ સ્ટેન્ડ વિસ્તાર અને નવા બસ સ્ટેન્ડ વિસ્તારમાં ઠેરઠેર ટ્રાફિકની સમસ્યા સર્જાતી જોવા મળે છે. માર્ગ પર આડેધડ પાર્ક કરાતી ગાડીઓને કારણે અહી દરરોજ ભારે ટ્રાફીક રહે છે. શહેરના ગાયત્રી મંદિર સ્ટેટ બેંક અને મુખ્ય બજારની આસપાસ દરરોજ અસંખ્ય વાહનોની અવરજવરને લીધે રાહદારીઓ માટે ચાલતા પસાર થવુ પણ મુશ્કેલ બન્યુ છે. ત્યારે ટ્રાફિક પોલીસ યોગ્ય કાર્યવાહી કરી ટ્રાફિક દૂર કરાવે તેવી માંગ ઉઠે છે.
(તસ્વીર :- જય અમીન, મોડાસા)

ચિલોડાથી નરોડા તરફનો નેશનલ હાઈવે માર્ગ સિકસ લેન કરવા ઉગ્ર માંગ

છેલ્લા એક માસમાં અકસ્માતમાં આઠથી વધુના મોત : દિન પ્રતિદિન આ માર્ગ પર ભારે ટ્રાફિકનું ભારણ વધતું જાય છે : જો સત્વરે નિર્ણય નહીં લેવાય તો ઉગ્ર જન આંદોલનની ચિમકી : આ રોડ પરના બાર ગામોના આગેવાનોની બેઠકમાં નિર્ણય

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે નં. ૮ના નરોડાથી મોટા ચિલોડા સુધીના લગભગ ૨૦ કિમી માર્ગ પર અકસ્માતોનું પ્રમાણ દિન પ્રતિદિન વધી જવા પામ્યું છે અને આ માર્ગ ફોર લેન ના હોવાથી નિર્દોષ વાહન ચાલકો મોતના ખપ્પરમાં હોમાઈ રહ્યા છે. આ માર્ગ સત્વરે ફોર લેન કરવા આ માર્ગ પર આવેલા ગામના ગ્રામજનો દ્વારા ઉગ્ર માંગ ઉઠાવવામાં આવી રહી છે અને જો સત્વરે આ અંગે નિર્ણય નહીં લેવાય તો હાઈવે ચક્કાજામ જેવા જલદ જન આંદોલનનો સહારો લેવામાં આવશે.

આ માર્ગ પર છેલ્લા માત્ર એક માસના સમયગાળામાં સર્જાયેલા અકસ્માતોમાં આઠથી વધુ વ્યકિતઓની જીંદગી હોમાઈ ચુકી છે અને અનેક લોકો ઘાયલ થયેલા છે. આ માર્ગ નેશનલ હાઈવેનો ભાગ હોવા છતાં ૨૦ કિમીનો ટુકડો વર્ષોથી દ્વિ માર્ગીય રહેવા દેવાયો છે. જયારે આ માર્ગે અમદાવાદ-મુંબઈ દિલ્હી અને રાજસ્થાન માટેનો ટ્રાફિક દિન પ્રતિદિન વધતો જાયછે. ખુબ જ સાંકડા માર્ગ પર મોટી લકઝરી બસો, કન્ટેનરો, ડમ્પરો અને ટ્રકોની ૨૪ કલાક આવન જાવન રહે છે જેને કારણે કાર, જીપ કે અન્ય વાહનો દ્વારા પસાર થતા મુસાફરો માટે આ માર્ગ અત્યંત જોખમી બની જવા પામ્યો છે. આમ છતાં આ માર્ગના ફોરલેન કે સીકસ લેન કરવા તંત્રની કોઈ જ ગંભીરતા જણાતી નથી.

તાજેતરમાં આ માર્ગ પર લીંબડીયા પાસે સર્જાયેલા ગંભીર અકસ્માતમાં મુંબઈના બે પરિવારોના ચાર યુવાન વ્યકિતઓના કરૂણ મોત નિપજયા હતાં. જેના કારણે આ માર્ગ પરના ગામોના ગ્રામવાસીઓમાં ભયનો માહોલ પ્રવર્તી રહ્યો છે. આ માર્ગને પહોળો કરી ફોર લેન કે સિકસ લેન બનાવવાની માંગ કરવા તાજેતરમાં દસથી બાર ગામોના સરપંચો, ડેપ્યુટી સરપંચો, સંસ્થાઓના ચેરમોનો, વાઈસ ચેરમોનો તથા અગ્રણીઓની એક બેઠક પ્રાંતિયા ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં આ માર્ગને સત્વરે ફોર કે સિકસ લેન કરવો જોઈએ તેવો એક મત સર્જાયો હતો અને તે માટેની માગણી ઉગ્ર કરવા અને જો ના સંતોષાય તો જલદ જન આંદોલનનો સહારો લેવા નિર્ણય લેવાયો હતો.

આ ગ્રામ આગેવાનોની પુનઃ બેઠક તા.૪થી જાન્યુઆરીએ યોજાવાની છે. જેમાં આ રસ્તાની સ્થિતિ અંગે પુનઃ સમીક્ષા કરી આંદોલનના કાર્યક્રમોની રૂપરેખા ઘડવામાં આવનાર છે. આ કાર્યક્રમોમાં રાજય અને કેન્દ્ર સરકાર સમક્ષ માંગણી મુકવાની અને તે ના સંતોષાય તો રસ્તા રોકો, હાઈવે ચક્કાજામથી લઈને આગામી ચુંટણીઓમાં સ્થાનિક કક્ષાએ મતદાન બહિષ્કાર કરવાની તૈયારી હાથ ધરાશે. સરકાર દ્વારા આ રોડને પહોળો કરવાની બાબતને ગંભીરતાથી લઈ સત્વરે નિર્ણય લેવાય તેવી આ વિસ્તારના ગ્રામજનોની તીવ્ર માંગણી છે.

પવન સાથે ગુજરાતમાં ઠંડી વધી

અમદાવાદ,તા. ૨૮

અમદાવાદ સહિત મોટાભાગના વિસ્તારોમાં તાપમાનમાં ફરી એકવાર વધારો થયો છે. હવામાન વિભાગ તરફથી કોલ્ડવેવની કોઈ ચેતવણી જારી ન કરાતા તંત્રને રાહત થઈ છે. બીજી બાજુ લઘુત્તમ તાપમાન અને મહત્તમ તાપમાનમાં સતત ફેરફારો થઈ રહ્યા છે. આજે પણ રાજયમાં સૌથી ઓછુ તાપમાન નલિયામાં જ નોંધાયું હતું. અહીં લઘુત્તમ તાપમાન ૮ ડિગ્રી નોંધાયું હતું જ્યારે પાટનગર ગાંધીનગરમાં તાપમાન ૧૧ ડિગ્રી રહ્યું હતું. અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૨.૫ ડિગ્રી રહ્યું હતું. જ્યારે મહત્તમ તાપમાન ૨૬ ડિગ્રી નોંધાયું હતું. અન્ય વિસ્તારોમાં પણ ઠંડીમાં ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે. એક બાજુ ઉત્તર ભારત કાતિલ ઠંડીના સકંજામાં છે ત્યારે ગુજરાતમાં પણ બેવડી સિઝનનો અનુભવ થઈ રહ્યો છે. સવારમાં તીવ્ર ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. ગઈકાલની સરખામણીમાં આજે લઘુત્તમ તાપમાનમાં વધારો થયો હતો. જોકે, સવારમાં અને સાંજે લોકોએ ઠંડીનો અનુભવ કર્યો હતો. અમદાવાદમાં આવતીકાલે ફરી એકવાર તાપમાન ઘટીને ૧૧ ડિગ્રી નોંધાય તેવી શક્યતા છે. કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં બરફ વર્ષાને પગલે ઉત્તર ભારતના રાજ્યોમાં પડી રહેલી હાડથીજાવતી ઠંડીની અસર હવે ગુજરાતમાં પણ વર્તાવા લાગી છે.

દ્વારકાધીશના ભક્તિભાવપૂર્વક પૂજન-અર્જન કરતા મુખ્યમંત્રી

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે આજે પ્રસિધ્ધ તીર્થ ક્ષેત્ર દ્વારિકાની મુલાકાત દરમિયાન ભગવાન શ્રીકૃષ્ણ-દ્વારકાધીશના ભકિતભાવપૂર્વક દર્શન-અર્ચન કર્યાં હતાં.

મંદિરના પૂજારી અને ટ્રસ્ટીશ્રીઓએ શ્રીમતી આનંદીબહેનને પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે રાજય શાસનના સફળ નેતૃત્વ અને વિકાસની ગતિશીલતા સતત ઉન્નત રાખવા માટેની શુભેચ્છાઓ પાઠવી હતી.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે સર્વાંગી વિકાસ માટે કન્યા શિક્ષણ અને આવનારી પેઢીના સંસ્કાર સિંચનને સંતશક્તિના સથવારે નવી ગતિની દિશા આપવાની -તિબધ્ધતા દર્શાવી છે.

શ્રીમતી આનંદીબહેન દ્વારકામાં ધારાસભ્ય પબુભા માણેક પરિવાર અને ક્ષત્રિય વાઘેર સમાજ દ્વારા યોજાઈ રહેલી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ અને મહાવિષ્ણુ યાગના અવસરે ઉપસ્થિત વિશાળ ભકતસમુદાયને સંબોધન કરી રજ્ઞા હતા. પૂજય કનકેશ્વરી દેવીની નિશ્રા-અમૃતવાણીમાં યોજાઈ રહેલી આ કથામાં મુખ્યમંત્રીશ્રીએ કનકેશ્વરીજીને કથાકાર સાથે શિક્ષણકાર અને સમાજ શ્રેયાર્થે સમર્પિત વ્યકિતત્વ ગણાવ્યા હતા.

મુખ્યમંત્રીએ તાજેતરમાં વડા-ધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશના ૧૨ સ્થાનોનો હેરિટેઝ વિરાસત સ્થાન તરીકે વિકાસ કરવાનો જે મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો તેમાં, પુરાણ-સિધ્ધ અને ગુજરાતના ગૌરવ યાત્રાધામ દ્વારિકાનો સમાવેશ કર્યો છે તેનો આનંદ વ્યકત કરતા કહ્યું કે, આ યાત્રાતીર્થને હવે વિકાસની નવી ઉંચાઈઓ -પ્ત થશે.

રાજયસરકારે દ્વારકામાં એરસ્ટ્રીપ માટેની જમીન સંપાદિત કરી છે તેની જાહેરાત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આ એરસ્ટ્રીપનું કામ પૂર્ણ થતાં ભવિષ્યમાં દેશ-વિદેશના યાત્રાળુઓ વિમાન મારફતે સીધા જ દ્વારિકા આવીને ભગવાન દ્વારકાધીશના દર્શન કરી શકશે.

સૌથી પ્રદૂષિત શહેરની યાદીમાં અમદાવાદ શહેર ટોપ પાંચમાં

ઉત્તર ભારતના શહેરો સૌથી પ્રદૂષિત : દક્ષિણ ભારતના શહેરો પ્રમાણમાં ઓછા પ્રદૂષિત : નવા આંકડા જારી થયા

અમદાવાદ,તા. ૨૮

ભારતના સૌથી પ્રદૂષિત શહેરોની યાદીમાં અમદાવાદ ટોપ પાંચ પ્રદૂષિત શહેરોમાં સામેલ છે. અમદાવાદમાં પણ પ્રદૂષણનું પ્રમાણ ખુબ ઉંચુ રહેલું છે. ૨.૫ માઈક્રોન્સ હેઠળ પાર્ટીકલને ધ્યાનમાં લઈને ગણતરી કરવામાં આવે તો સૌથી પ્રદૂષિત ભારતીય શહેરોમાં અમદાવાદ પાંચમાં ક્રમે આવે છે. ઉત્તર ભારતના મોટાભાગના શહેરો સૌથી પ્રદૂષિત શહેરોમાં સામેલ છે જેમાં ઉત્તરપ્રદેશ, પંજાબ, રાજસ્થાનનો સમાવેશ થાય છે. આ યાદીમાં આ રાજયોના વિસ્તારો જ સૌથી ઉપર રહ્યા છે. ગુજરાતમાં અમદાવાદમાં પણ આ યાદીમાં સામેલ છે. આ વર્ષની શરૂઆતમાં પ્રકાશિત વિશ્વમાં સૌથી પ્રદૂષિત શહેરો અંગેના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, ઉત્તર ભારતના શહેરો સૌથી પ્રદૂષિત શહેરો છે જ્યારે દક્ષિણના શહેરો પ્રમાણમાં ઓછા પ્રદૂષિત છે. ઉત્તરપ્રદેશ, પંજાબ અને દિલ્હી ઉત્તર ભારતના ધુમ્મસના પટ્ટામાં આવે છે. અને આ બાબત

પ્રદૂષિત શહેરો

શહેર	પ્રદૂષણ સ્તર
દિલ્હી	૧૫૩
પટણા	૧૪૯.
ગ્વાલિયર	૧૪૪
રાયપુર	૧૩૪
અમદાવાદ	૧૦૦
લખનૌ	૯૬
ફિરોઝાબાદ	૯૬
કાનપુર	૯૩
અમૃતસર	૯૨
લુધિયાણા	૯૧

દર્શાવે છે કે, હવાઈ પ્રદૂષણ પરિસ્થિતિને વધુ ગંભીર બનાવે છે. ગયા વર્ષની શરૂઆતમાં એક અગ્રણી અંગ્રેજી અખબારના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, દિલ્હીમાં જાન્યુઆરીના મહિનામાં સરેરાશ ધુમ્મસના કલાકો વધારે રહે છે. ૧૯૮૯ બાદથી ધુમ્મસના કલાકો સૌથી વધારે નોંધાયા છે. આ પ્રવાહ યથાવત રીતે રહ્યો છે જેના કારણે પ્રદૂષણનું પ્રમાણ ચિંતાજનકરીતે વધી રહ્યું છે. અમદાવાદના સમાવેશને લઈને જાણકાર નિષ્ણાતોમાં પણ ચર્ચા છે. જો કે, અમદાવાદ ઘણા સમયથી સૌથી પ્રદૂષિત શહેરોની યાદીમાં સામેલ રહ્યું છે.

ડબ્લ્યુએચઓના અહેવાલમાં કેટલીક એવી બાબતો પણ રજૂ કરવામાં આવી છે જે વધારે ચિંતા ઉપજાવે છે. યાદીમાં ભારતીય શહેરો ટોપ ઉપર છે જેમાં દિલ્હી ભારતના સૌથી પ્રદૂષિત શહેરોની યાદીમાં પ્રથમ ક્રમ પર છે. ૩૦ શહેરોમાં ઉત્તરપ્રદેશના નવ શહેરો, પંજાબના પાંચ, રાજસ્થાનના ચાર, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના ૩-૩, જમ્મુ કાશ્મીર અને બિહાર, ઉત્તરાખંડના એક-એક શહેર પ્રદૂષિત શહેરોની યાદીમાં છે. છત્તીસગઢમાં રાયપુર, ગુજરાતમાં અમદાવાદ અને દિલ્હી આ લિસ્ટમાં છે.

ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અંદર આવવાની જરા પણ ઈચ્છા થાય નહી તેવી તેની હાલત હતી. સરકાર શા માટે કાયમી રીતે આધુનિકતાને અપનાવી શકતી નથી તે સમજાતું નથી. શું સરકારનું સ્ટાઈલ ઓફ ફંકશનિંગ કાયમી ન બની શકે ? !! કારણ કે ઉદ્યોગપતિઓ વાયબ્રન્ટના માત્ર ત્રણ દિવસ આવતા નથી, સરકાર સાથે કરાર કર્યા પછી વારંવાર સરકારી ઓફિસોમાં આવતા કોર્પોરેટ હાઉસના પ્રતિનિધિઓને જોઈએ તેવો સત્કાર મળતો નથી. આ દિવસોમાં તેઓને ઘણીવાર અફસોસ વ્યક્ત કરવો પડે છે. હવે આ સ્થિતિને સરકારે બદલવી જોઈએ...

રોકાણકારને મેઇલના પ્રત્યુત્તર મળતા નથી ...

ગાંધીનગરના આંગણે વાયબ્રન્ટનો ઉદ્યોગમેળો છે ત્યારે દેશ-વિદેશમાંથી મૂડીરોકાણ ઈચ્છુકો ઉદ્યોગ વિભાગે આપેલા ઓફિસિયલ ઈ-મેઈલ ઉપર કરાર કેવી રીતે કરવો, નવો પ્રોજેક્ટ કેવી રીતે સ્થાપવો તેની ઈન્ફર્મેશન પૂછતા હોય છે પરંતુ ઉદ્યોગ વિભાગ તરફથી તેમને સંતોષજનક રિસ્પોન્સ આપવામાં આવતો નથી, તેથી જે તે ઉદ્યોગજૂથ મૂંઝાય છે, કારણ કે કરાર કરતી વખતે તેણે ક્યા ક્યા ડોક્યુમેન્ટ લઈ જવાના છે તેની જાણ હોતી નથી. સરકારે મેઈલના પ્રત્યુત્તર અને ગાઈડન્સ માટે એક ઓફિસરને ફરજીયાત જવાબદારી સોંપવી જોઈએ., કે જે વ્યક્તિનો સંપર્ક કરીને તેની મૂઝવણને દૂર કરી ગાઈડ કરી શકે...

પ્રોજેક્ટ બનાવી આપનારા એજન્ટોના ધામા ...

તમારે સરકાર સાથે કરાર કરીને પ્રોજેક્ટ સ્થાપવો છે. તમે માત્ર જરૂરી ડોક્યુમેન્ટ્સ આપો, બાકીનું કામ અમારી ઉપર છોડી દો... આવું કહેનારા કોર્પોરેટ એજન્ટો આજે ગાંધીનગરના ચક્કર કાપી રજ્ઞા છે અને નાના તેમજ મધ્યમ કદના ઉદ્યોગો સ્થાપવા માગતા ઉદ્યોગકારો પાસેથી તગડી ફી પડાવી રજ્ઞા છે. સચિવાલય અને ઉદ્યોગભવન પાસે આ પ્રકારના એજન્ટોએ રીતસરનો એક વ્યવસાય શરૂ કરી દીધો છે. મોટી કંપનીઓ તો તેમના સીએ, સીએસ મારફત સરકાર સાથે ડિલીગ કરે છે પરંતુ નવો પ્રોજેક્ટ નાખવા માગતા નાના ઉદ્યોગકારને પ્રથમ ચરણમાં જ લૂંટાવાનું હોય છે...

-દર્શનોને ઉદ્યોગનો દરજ્જો મળશે ...

ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર વાયબ્રન્ટ સમિટ પછી પ્રદર્શન ઝોન બની જશે, કેમ કે સરકાર જાન્યુઆરી મહિનાના વાયબ્રન્ટ સમિટ પછી ફેબ્રુઆરી મહિનામાં પ્લાસ્ટ ઈન્ડિયા એક્ઝિબિશન યોજવા જઈ રહી છે. એ પછી મહિનામાં ચાર થી પાંચ પ્રદર્શન મહાત્મા મંદિરના સ્થળે યોજવાનું સરકારનું પ્રયોજન છે. એટલે કે આવનારી નવી ઈન્ડસ્ટ્રીયલ પોલિસીમાં સરકાર એક્ઝિબિશન્સ ને ઈન્ડસ્ટ્રીઝનો દરજ્જો આપવા માગે છે. આ મંદિર સેમિનાર ઉપરાંત પ્રદર્શન યોજવાનું મહત્વનું સ્થળ બની રહેશે. આવા મોટા પ્રદર્શન સ્થળો નવી દિલ્હી અને મુંબઈમાં આવેલા છે....

કપાસ નહી, મગફળી વાવો ભાઇ ...

પોષણક્ષણ ભાવ નહી મળતા કપાસ ઉગાડતા ખેડૂતો આ વર્ષે દેવાળીયા થઈ ચૂક્યા છે. તેઓ પસ્તાય છે, પરંતુ હવે જૂની સાયકલ પાછી આવે તેમ લાગે છે, કેમ કે હવે ખેડૂતોએ મગફળી ઉપર પસંદગી ઉતારવાનું નક્કી કર્યું છે. કૃષિ વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે જે ખેડૂતોએ મગફળી વાવી છે તેમને પોષણક્ષણ ભાવ આપવાની જરૂર પડી નથી. સિંગતેલના ભાવ ખેડૂતોને લલચાવી રજ્ઞા છે. આજે બજારમાં ૧૫ કિલો ટીનના સિંગતેલનો ભાવ ૧૬૧૫ રૂપિયાની આસપાસ છે, જયારે સૌરાષ્ટ્ર ઓઈલ મિલર્સ એસોયેશન કહે છે કે બે મહિનામાં સિંગતેલના ટીનનો ભાવ ૧૮૦૦ રૂપિયાને આંબી જશે...

ધીરૂભાઇને યોગ્ય સન્માન મળવું જોઇએ ...

ઈફ યુ ડોન્ટ બિલ્ડ યોર ડ્રીમ, સમવન એલ્સ વીલ હાયર યુ ટુ હેલ્પ ધેમ બિલ્ડ ધેર્સ... આ શબ્દો ધીરજલાલ હીરાચંદ અંબાણીના છે. વિશ્વના ઔદ્યોગિક નકશામાં ભારતનું નામ રોશન કરનારા ધીરૂભાઈ અંબાણીનો જન્મ ૨૮મી ડિસેમ્બર-૧૯૩૨ના રોજ ગુજરાતના દરિયાકિનારે વસેલા નાનકડા ગામ ચોરવાડમાં એક સ્કૂલ શિક્ષકના ત્યાં થયો હતો. સાધારણ પરિવારમાં જન્મેલા ધીરૂભાઈ સફળતા પ્રાઝ કરતા ગયા અને દેશના ટોચના ટોપ બિઝનેસમેનની યાદીમાં સામેલ થયા હતા. રિલાયન્સને વિશ્વની કંપની સૌથી મોટી કંપની બનાવી ધીરૂભાઈએ ભારતને મહાસત્તા તરફ દોરી જતા અનેક આયામોનું સર્જન કર્યું છે. એટલું જ નહી, આજના યુવા ઉદ્યોગપતિઓમાં ધીરૂભાઈને એક આદર્શ માનવામાં આવે છે છતાં અફસોસ, ભારત સરકાર તેમને યોગ્ય સન્માન આપી શકી નથી. તેમનું સન્માન એટલે તેમને સાચી અંજલિ હશે...

૫૦થી વધુ સીઇઓ વાયબ્રન્ટમાં આવશે ...

ગુજરાત વાયબ્રન્ટ સમિટમાં ૫૦થી વધુ સીઈઓ અને ૩૦થી વધુ પોલિટીકલ લિડર્સ વિદેશથી આવે તેવી સંભાવના છે. સરકારને કન્ફર્મેશન આપ્યું છે તેમાં આ મહત્વના સીઈઓનો સમાવેશ થાય છે જેઓ યુએસએ, યુકે, જાપાન સહિતના દેશોમાંથી આવે છે. વાયબ્રન્ટમાં આઠ દેશો કન્ટ્રી પાર્ટનર છે જેમાં આ વખતે યુએસએનો ઉમેરો થતાં વાયબ્રન્ટ ખરા અર્થમાં ગ્લોબલ બની છે. ભારત સાથે રશિયાના સબંધો તો જાણીતા છે પરંતુ હવે ધીમે ધીમે ચાઈના અને અમેરિકા પણ ભારત સાથે હાથ મિલાવી રજ્ઞું છે અને તેનું પ્લેટફોર્મ મહાત્મા મંદિર બની રજ્ઞું છે. ગાંધીનગરના આંગણે વિશ્વનો સૌથી મોટો ઉદ્યોગ મેળો યોજાઈ રજ્ઞો છે...

ગુજરાત-સોશ્યલ સાઇટ્સનું એપિસેન્ટર ...

ગુજરાત એ ભારતનું એકમાત્ર સોશ્યલ સાઈટ્સનું એપિસેન્ટર છે. શાસનમાં આવ્યા પછી તત્કાલિન ચીફ મિનિસ્ટર નરેન્દ્ર મોદીએ સોશ્યલ સાઈટ્સનો એટલો બહોળો ઉપયોગ કર્યો કે કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓને પણ તેની નકલ કરવી પડી છે. આજે સ્થિતિ એવી છે કે સોશ્યલ સાઈટ્સ વિના ઈલેક્શન જીતવું મુશ્કેલ બનતું જાય છે. ભારતના રાજયો અને દિલ્હીએ ગુજરાતને અનુસરવાનું શરૂ કર્યું છે. અહી જે પ્રોજેક્ટ શરૂ થયો છે તે હવે દેશના બીજા રાજયોમાં શરૂ થઈ રજ્ઞો છે. ખુદ ભારત સરકાર અને મોદી કેબિનેટ તેના ઓફિસરોને ગુજરાત મોડલને અપનાવવાનું કહી રહી છે...

રાજકોટના મેયર, વાયરલ બની ગયા ...

છોકરીઓએ જીન્સ અને ટાઈટ-ફિટીંગ કપડાં એવોઈડ કરવા જોઈએ તેવું સૂચન કરનારા રાજકોટના મેયર રક્ષાબેન બોલિયાને એ જ દિવસે (૨૩મી ડિસેમ્બર) પ્રચાર માધ્યમોમાં ભારે પબ્લિસિટી મળી ગઈ હતી. જો કે તેમના મંતવ્યને યુવક વર્ગે આવકાર આપ્યો હતો પરંતુ યુવતિઓએ બહુ ટીકા કરી હતી. મેયરનો કહેવાનો આશય કોઈને નિરાશ કરવાનો હોઈ શકે નહી, પરંતુ મેયર સાહિબાએ એક રિપોર્ટ જોઈ જવાની જરૂર હતી. એ રિપોર્ટમાં એવું દર્શાવવામાં આવ્યું છે કે યુવતિઓને સલામત રહેવા માટે જીન્સ એક ઉત્તમ વિકલ્પ છે. આજે ૮૦ પર્સન્ટ યુવતિઓ જીન્સ પહેરે છે. યુવતિઓની ફેશનમાં બોલીવુડની ગહેરી છાપ ઉપસી આવેલી છે...

લ્યો, હવે અડવાણી પણ ફિલ્મ જુએ છે ...

ભારતના પ્રાઈમ મિનિસ્ટર બન્યા પછી નરેન્દ્ર મોદીએ મલ્ટીપ્લેક્સમાં જઈને ભાગ્યે જ કોઈ ફિલ્મ જોઈ હશે પરંતુ હોદ્દા વિનાના લાલકૃષ્ણ અડવાણી પાસે હવે સમય જ સમય છે. તેઓ ફિલ્મ જુએ છે અને રિવ્યુ પણ આપે છે. મોદીએ ગાંધીનગરમાં અમિતાભ બચ્ચન સાથે પા અને અનુપમ ખેર સાથે વેનસ્ડે ફિલ્મ સાથે બેસીને જોઈ હતી, હવે અઢી કલાક સિનેમાહોલમાં બેસીને ફિલ્મ જોવાનો તેમને સમય નહી મળતો હોય. તેમની જેમ વજુભાઈ વાળા પણ ફિલ્મ જોઈ શકતા નહી હોય, કારણ કે તેમને ગવર્નરનો પ્રોટોકોલ નડતો હશે. અડવાણીએ તાજેતરમાં રિલીઝ થયેલી આમિરખાનની પીકે ફિલ્મ જોઈ અને રિવ્યુમાં તેમણે કહ્યું કે આ ફિલ્મ મને ખૂબ ગમી છે. બધાંએ આ ફિલ્મને જોવી જોઈએ. વાહ, વાહ, પરિવર્તન સંસારનો નિયમ છે...

**ગાંધીનગર વિશ્વ સાથે જોડાયું, મફત